بسم الله الرحمن الرحيم

# આઠમું વાઅઝ

૯ મોહર્રમુલ હરામ ૧૪૪૦ હિ

દારુસ સકીના મુંબઈ

## સૈયદના તાહેર ફખરુદ્દીન ત.ઉ.શ.

વાઅઝ સારાંશ

સૈયદના તાહેર ફખરુદ્દીન એ મુમિનીન ને ખિતાબ કરી ને ફરમાવ્યું કે એ આલે મોહમ્મદ ની મોહબ્બત ના કરનાર લોગો. આલે મોહમ્મદ કોણ કે મોહમ્મદ અલી ફાતેમા હસન અને હુસૈન, ખમસત અતહાર ના શેહઝાદાઓ અઈમ્મત અખિયાર ઝોબદુલ આસાર વલ અકવાર, ઈમામ બાદ ઈમામ, એક પછી એક ઇમામ ની મોહબ્બત કરનાર, મારેફત કરનાર વલાયત રાખનાર તમે સગલા છો. એ સગલા ઇમામો ના વારિસ તૈયેબ ઇમામ અબુલ કાસિમ છે. અજબ આપનો મકામ છે. નુબુવ્વત ની મિસલ શાન છે.

૨૧ માં ઇમામ પરદે થયા. કેહકુત તકીયત માં ઇમામત નો સિલસિલો બાવા પછી ફરઝંદ નસ્સ બ-નસ્સ જારિયા છે. બાવા પછી ફરઝંદજ થાય. ઇમામ ની નિશાની એ છે. એમ હોય તોજ એ હક ના ઇમામ કેહવાઈ.

હક ના દાઈ ની નિશાની એ કે એના ઉપર નસ્સ થઇ હોય અને એ નસ્સ કરી ને ગુઝરે.

આકા મૌલા એ ઇમામ બાકિર સી જે રિવાયત છે કે મોહબ્બત ના સબબ કયામત ના દિન મુમિન નું હશર ઇમામ ના સાથે થશે એ બિશારત ની ઝિકર ફરમાવી અને કયામત ના દિન મુમિન ની જે સિફત હશે એની ઝિકર ફરમાવી.

આકા મૌલા એ ફરમાવ્યું કે અપને મારેફત ના લોગો છે. સગલુ અમલ ઈલ્મ ને મારેફત સાથે, સમજી ને કરીયે છે.

રસૂલુલ્લાહ એ જેમ ફરમાવ્યું છે એમ અપનુ અમલ છે. હુસૈન ઇમામ પર એક આંસુ નીકાલવા ના બદલા માં આઠ (૮) જન્નત છે. ઈતનું સવાબ છે એમ બતાવ્યું. માતમ કરવામાં - માતમ યાની રોવાનું. ઘની રીત સી

માતમ થાય. આંખો સી આંસુ રવા કરે એ ભી માતમજ કેહવાઈ.

સૈયદના કુત્બુદ્દીન ફરમાવે છે કે હુસૈન પર રોવા માં હિકમત શું છે, ફલસફત શું છે કે ગુનાહ બખ્શાઈ જાય છે. હુસૈન ની મુસીબત યાદ કરશે તો હમ ગમ સગલા હલકા થઇ જશે. સવાબ નો ઝખીરો થાય છે. એના વાસ્તે આ બેહતર માં બેહતર નુસખો છે.

સૈયદના કુત્બુદ્દીન હમેશા ફરમાવતા, જે સૈયદના તાહેર સૈફુદ્દીન એ નુસખો બતાવ્યો છે કે હુસૈન ના નામ ના જે અદદ છે – ૧૨૮, એના મુતાબિક તસબીહ કરી ને માતમ કરે. એમાં હિકમત છે કે આખેરત નો તોશો થાતો જાય છે.

મૌલાના એ આ આયત ની ઝિકર ફરમાવી :

يوتي الحكمة من يشاء

ખુદા જેને ચાહે એને હિકમત આપે. જેને ખુદા એ હિકમત આપી એને ઘણું ખૈર આપી દીધું છે.

ઈખ્વાનુસ સાફા માં હકીમ એ અકલ ની સેહત બરાબર રહે એના વાસ્તે ૬ ચીઝ બતાવી છે.

૧. ખુદા પર ભરોસો
૨. જે લખાયું છે તે થાનાર છે
૩. બેહતર માં બેહતર ચીઝ જે અમલ કરો એ શું કે સબર
૪. સબર નહિ કરો તો બીજું કરસો ભી શું? સૈયદના કુત્બુદ્દીન ઘણી વાર ફરમાવતા કે ઘણી વાર મુશ્કિલ અમર એવો હોય કે એમાં બીજો કઈ છુટકારો નથી. એમાં સબર ના સિવા શું કરશો? સબર સિવા ચારોજ નથી.
૫.એમ વિચારે કે તમને જે મુશ્કિલ છે એના કરતા હાજી ઘણી વધારે મુશ્કિલ ભી હોય શકે છે. એમ વિચારશો તો સબર અને હિમ્મત આવી જશે.

૬. એક ઘડી સી બીજી ઘડી આવે એમાં તકલીફ દૂર થઇ જાય છે.

મસીહ અ.સ. ફરમાવે છે કે દુનિયા પર પરા પરી ન કરો. એવો વખત આવે તો દુનિયા પર દીન ને મુકદ્દમ કરજો. જે એ દુનિયા પર પરા પરી કીધી એ કેવી રીતે હલાક થયા એના બારા માં સૈયદના અબ્દેઅલી સૈફુદ્દીન એ જે હિકાયત બયાન ફરમાવી છે - સોના ની ૪ ઈંટ ની ઝિકર - એ ઝિકર આકા મૌલા એ પઢી.

દુનિયા પર પડાપડી કરી ને શાકેલત શું થાય છે કે સગલા ફના થઇ જાય છે. દુનિયા મુમિન વાસ્તે કૈદ ખાણું છે. ફસાયો છે. અને યહાઁ સી છૂટવાનું છે. કાફિર વાસ્તે દુનિયા જન્નત છે. યહાંજ મૌજ મઝા કરી લો. એમ સોચે છે.

અમીરુલ મુમિનીન એ દુનિયા 3 તલાક દીધી. ઝાહેરી ખિલાફત છે પણ આપ મસ્જિદ માં બેઠી ને જવ નો આંટો ફાકતા.

એમ નહિ ફરમાવતા કે દુનિયા માં કઈ માલ ન કમાઈ. આરામ તમક્કુન ઈતમિનાન ની ઝિંદગી ગુઝારે પણ દુનિયા પર પડાપડી ન કરે. ખૈર ના કામ કરે એક બીજા ને મદદ કરે, ખુદા એ નેમત આપી છે તો કરે. અચ્છા હાલત માં રહે. પણ ખુદા ને હમેશા યાદ કરે એ સગલા સી ઝરૂરી છે. જે એ નેમત આપી છે એને ન ભૂલે. એમ ન થઇ જાય કે માલ ગણવા માં વખત નિકાલે અને ખુદા ને યાદ કરવાનો વખત ન મળે.

હસન ઇમામ ની વાઅઝ ની મજલિસ માં આકા મૌલા એ આ આયત શરીફા નું બયાન ફરમાવ્યું:

ادع الى سبيل ربك بالحكمة والموعظة الحسنة

ખુદા ના રસ્તા ની તરફ દાવત કરો હિકમત અને મૌએઝત હસના સી.

ખુદા નો રસ્તો સિરાતે મુસ્તકીમ અમીરુલ મુમિનીંન ની ઝાત છે. સગલા ને અલી ની વલાયત ની તરફ દાવત કરે છે.

રસૂલુલ્લાહ મૌએઝત કરી ને ફરમાવે છે કે નફ્સ અમ્મારા બિસ-સૂ ના સાથે લડાઈ કરે. નફ્સ અમ્મારા બિસ-સૂ હમેશા દુનિયા ની તરફ ખેંચે છે. પણ નફ્સ નાતેકા ઇન્સાન ને ખુદા ની બંદગી ખુદા ની ઝિકર તરફ લાવે છે. આ જે વાઅઝ ની મજલિસો માં આવો છો તો બીજું કામ મૂકી ને. એમ સમજી ને આવો છો કે આ નેમત છે. ખુદા ની બંદગી છે, એજ મિસલ નમાઝ એમ સોચી ને પઢે.

સૈયદના તાહેર સૈફુદ્દીન ફરમાવતા કે માલ ના 3 હિસ્સા કરે. એક હિસ્સો ખુદ ના વાસ્તે ખર્ચે, હલાલ

ની લઝ્ઝત લે, એક ખૈર માં ખર્ચે અને એક બચત કરે. એમ અમલ કરે. ફકત જમે કરતા જાય, બેન્ક માં કિતના જમા કીધેલા છે એ ગણતા જાય એમ નહિ.

રસૂલુલ્લાહ એ ખુદા ના હુકુમ સી જિહાદ કીધી અને ઇસ્લામ નું દીન કાયમ કીધું અને અમીરુલ મુમિનીન એ ઇસ્લામ ની બકા ના ખાતિર તલવાર ને મિયાન કીધી જેના વાસ્તે એહલુસ સુન્નત ના બાઝ ઓલમા કહે છે કે અલી નું એક અમલ એવું છે જેના સબબ ઇસ્લામ નું દીન બાકી છે.

અમીરુલ મુમિનીન ફરમાવે છે કે મુમિન ની ઉમર નો બકિયો (બાકી નો હિસ્સો) અનમોલ છે. પહેલા અમલ ન કીધું હોય, હવે કરતા થઇ જાઓ. નમાઝ રોઝા, ખૈર ના કામો કરતા થઇ જાઓ. આખેરત નો વિચાર કરો. એક દિન વહાં જાવાનું છે. જન્નત માં મહેલો

બનાવો. ખાલી યહાઁ ના બંગલાઓ બનાવાની ફિકર ન કરે.

આકા મૌલા એ હસન ઇમામ ની ઝિકર માં ફરમાવ્યું કે હસન ઇમામ રસૂલુલ્લાહ ના દૌર ના પહેલા ઇમામ છે. એક એક ઇમામ હિકમત અને મૌએઝત હસના સી અમલ કરે છે. આપ એ મોઆવિયા સાથે સુલેહ કીધી. હક ના સાહેબ જે અમલ કરે છે એમાં હિકમત હોય છે. હસન ઇમામ ના આ અમલ માં જાબિર ને સવાલ થયો તો રસૂલુલ્લાહ પધારા અને જાબિર ને ફરમાવ્યું કે મારા નવાસા નું અમલ હક નું અમલ છે. એ ઝિકર મૌલાના એ ફરમાવી.

રસૂલુલ્લાહ ફરમાવે છે કે હસન અને હુસૈન બેવે હક ના ઇમામ છે ખડા થાય યા બેઠે. હિકમત છે રસૂલુલ્લાહ ના કલામ માં. બેઠે યાની સલાહ કરે. હસન ઇમામ એ ઝાહેરી ખિલાફત આપી દીધી. દુનિયા આપી દીધી મોઆવિયા ને. મગર દાવત

કાયમ કરે છે. હુસૈન એ જિહાદ કીધી. આપ હિકમત સી અમલ કરે છે. એ જે અમલ કરે એ હક નું છે.

મોહમ્મદ બિન અલ-મિકંદર કહે છે કે મેં ઝૈનુલ આબેદીન જેવા કોઈ ને દેખા નહિ જહાં તક મેં બાકિર ઇમામ ને દેખા. એક વાર દેખા, ઈરાદો કીધો કે મેં ઇમામ ને શિખામણ દઉ. મેં દેવા ગયો, આપ એ મને શિખામણ દીધી. એમ બનું કે ઇમામ, જે ખિદમત માં છે એના હાથ પાર ટેકો દઈ ને ખેત માં કામ લઇ રહ્યા છે. મોહમ્મદ ને ખબર નહિ કે આ સાહેબ ઇમામ છે. એને એમ ખયાલ થયો કે કુરૈશ ના કોઈ શેખ છે. તો ઇમામ ને કહે છે કે આ વખત માં બપોર ની ધૂપ ના વખત માં દુનિયા ની તલબ વાસ્તે કેમ ઇતની મેહનત કરી રહ્યા છો. મૌત આવી જશે તો? ઇમામ એ એને ફરમાવ્યું કે એમ થાય તો શું? મેં ખુદા ની તાઅત પર છું, જે અમલ કરી રહ્યો છું એ તાઅત નું છે તો મને કઈ મૌત નો ખૌફ નથી. ખુદા ની બે-ફર્માની કરતો હોઉ તો ખૌફ હોય.

રોઝી તલબ કરવા કિતનું સવાબ છે કે ખુદા ની રાહ માં જિહાદ કરવા જીતનું સવાબ છે.

કોઈ એ ઇમામ ને અરઝ કીધી કે આપ દોઆ કરો મને ઘર બેઠા રોઝી આવી જાય. ઇમામ એ એને ફર્માયુ કે હર મુસ્લિમ પર વાજિબ છે કે રોઝી તલબ કરે. મેહનત કરે તાકે સૂરજ ની ગરમી એને લાગે.

મૌલાના એ અઈમ્મત ના નામો ની તસબીહ કીધી અને ઇમામો ની મુખતસર શાનાત બયાન કીધી. તાકે દોઆત ને કાયમ કીધા. આમિર ઇમામ મૌલાતોના હુર્રતુલ મલેકા ને ફરમાન કરે છે કે આપ ઇમામ ની દાવત કાયમ કરો. મૌલાતોના હુર્રતુલ મલેકા દાઈ ઝોએબ બિન મૂસા ને ઈતલાક ના રુતબા માં કાયમ કીધા.

નસ્સ બ-નસ્સ સિલસિલો જારિયા છે. એક પછી એક ઇમામ ની રઝા સી એક પછી એક દાઈ કાયમ થાતા રહે છે. ઇમામ ની તરફ દાવત કરે છે.

મૌલાના એ મૌએઝત ના બયાન માં ફરમાવ્યું કે અમીરુલ મુમિનીન ફરમાવે છે કે મેં રસૂલુલ્લાહ ને પૂછું કે મુમિન ની સિફત શું છે. રસૂલુલ્લાહ એ ફરમાવ્યું કે મુમિન યાકૂતે અહમર છે, લાલ માનક. એ બાદશાહો ના ખઝાના માજ મળે.

અમીરુલ મુમિનીન ફરમાવે છે કે મુમિન મુમિન ન કેહવાઈ મગર કિવારે કે ઈલ્મ સી અક્લમંદ હોય. ઈલ્મ્ પઢો. હિકમત ની વાત બોલતો હોય. હરામ સી રુકતો હોય. એના કલામ એવા હોય, નરમાઇ વાલા. મુમિન ઘણો જલ્દી ખુશ થઇ જાય, રીસાઈ ને ન બેઠે. ગુસ્સો ઘણો જલ્દી ન આવી જાય, એને સીખાવા માં આવે તો સીખે. એને કોઈ સખ્ત બોલે તો જવાબ ન દે. જો એની સોહબત કરો તો અમાન માં રહો. જો

એના શરીક થાઉ તો તમને ફાયદો કરે. ફિરાકી કરો તો પસ્તાવો થાય કે જઈ રહ્યા છે. વકાર ઘણો હોય. પડોસી ની કરામત કરે. આગ (જહન્નમ) સી દૂર જાતા હોય. ખુદા ની ઝિકર એની ઝબાન પર હોય. મુસીબત પર સબર કરતા હોય. એનું મસલ કેવું હોય કે પાણી ની મિસલ. સગલી ચીઝ ની ઝિંદગી એના સી છે. એનો ખયાલ રોશન હોય. દુનિયા ને ન પસંદ કરતા હોય. લોગ દેખાઈ ન પસંદ હોય. બધા એની વાહ વાહ કરા કરે એમ પસંદ ન હોય. એને કોઈ ખૈર ની તરફ બોલાવા માં આવે તો જાય. બે-ફર્માની તરફ બોલાવા માં આવે તો એના સી દૂર થાય. સાચું બોલે. દિલ માં સબર કરતો હોય. નફ્સ સખી હોય. જે વખત પૈસા હોય યા ન હોય બંને હાલત માં વચ-ગાલે ચાલે. ઇસરાફ ન કરે. અમાનત સોંપી હોય તો અદા કરે. જન્નત નો શોક હોય, મા બાપ ને બે-ફર્માન ન હોય. કલામ એવા હોય કે ફાયદો કરે. એને ખાનગી રાખવાનું કહે તો રાખે, યારી માંગે તો યારી આપે, અચ્છા અખલાક હોય, કરઝ લે તો પાછું અદા

કરે, કોઈ માંગે તો આપે, એના નફ્સ નો હિસાબ કરતા હોય, એના ખુદ ના ઐબ માં દેખે. એ અમલ કરે તો મ્હોંટુ ન બનાવે. એના માલ સી સખી હોઈ. ઈલ્મ માં રાસીખ હોય અકલ માં, એને કઈ આપવા માં આવે તો શુકુર કરે, ન મળે તો કનાઅત અને સબર કરે.

સૈયદના કુત્બુદ્દીન ફરમાવતા કે એ ફાતેમા અને અલી ના શીઆ, શરીઅત ના પાબંદ રેહજો. ૭ દાઈમ લઇ ઉઠજો. પંજતન પાક ના ગુલામો પાક ઝિંદગી ગુઝારજો. ભાઈ બેહનો આપસ માં યારી દેજો, એક બીજા નું ભલું ચાહજો, મા બાપ ની વાત માનજો, ઈલ્મ પઢજો અમલ કરજો ખુદા અપના અકદામ ને સિરાતે મુસ્તકીમ પાર સાબિત રાખજો.

હમ્દ સલવાત અને દોઆઇયા કલેમાત ના બાદ મૌલાના એ ઇમામ હુસૈન ની શહાદત પઢી અને

ઇમામ હસન ની શહાદત પર વાઅઝ તમામ કીધી.
મુમિનીન ઘણા રોયા અને ઘણો માતમ કીધો.